## <u>જિલ્લા લોકપાલ પસંદગી માટે જાહેરાત</u>

૬૮ વર્ષથી ઓછી ઉંમરના શારીરિક રીતે સક્ષમ ઈસમો પાસેથી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ જિલ્લા કક્ષાના લોકપાલ (OMBUDSMAN) તરીકે ગુજરાત રાજયના જુદા જુદા જિલ્લામાં નિમણૂંક મેળવવા ઈચ્છતા ઉમેદવારો પાસેથી એક વ્યકિતની એક જ અરજી મંગાવવામાં આવે છે. અરજદારશ્રી ઓછામાં ઓછો ૨૦ વર્ષનો જાહેર વહીવટ/શૈક્ષણિક/સામાજીક/ સંચાલનનો વર્ગ– ૧ કક્ષાના અથવા તેથી ઉચ્ચ કક્ષાના અધિકારી તરીકે ફરજિયાત સરકારી અનુભવ ધરાવતા હોવો જોઈએ.

રસ ધરાવતા અરજદારશ્રીઓએ તેઓની અરજી કમિશનર ગ્રામ વિકાસની વેબસાઈટ (www.ruraldev.gujarat.gov.in) પર ઉપલબ્ધ નિયત નમૂનામાં રજી. પોસ્ટ/સ્પીડ પોસ્ટથી અધિક કમિશનરશ્રી (મનરેગા), કમિશનર ગ્રામ વિકાસની કચેરી, બ્લોક નં. ૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને જરૂરી તમામ આધાર–પુરાવાની ખરી નકલો સાથે તા.૧૦/૦૬/૨૦૧૭ ના રોજ ૧૭:૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.

**કમિશનર ગ્રામ વિકાસ, ગાંધીનગર**